કોઈપણ કિંમત પર સમાચાર

PRGI : GJGUJ/25/A4373

# સાબર રીપોર્ટર ન્યુઝપેપર

WEEKLY સાપ્તાહિક GUJARATI

તંત્રી : બાદશાહખાન અજબખાન પઠાણ

SABAR REPORTER NEWSPAPER - EDITOR : BADSHAHKHAN AJABKHAN PATHAN - WWW.SABARREPORTERNEWSPAPER.IN

રજિસ્ટર્ડ સરનામુ 892, મુસ્લિમ વિસ્તાર, મુ.પો.ગંભીરપુરા , તા.ઇડર, જી.સાબરકાંઠા -383430 મો.98986 93985 E MAIL : badshahpathan@gmail.com

તા. ૧૬/૦૨/૨૦૨૬ | અંક નં.: ૭ | પાના ૪ | વર્ષ: ૧ | કિંમત: ₹૨ | વાર્ષિક: ₹૧૦૦ | Date: 16/02/2026 | Issue No.: 7 | Page: 4 | Year: 1 | Weekly (સાપ્તાહિક) | Price: ₹2 | Yearly: ₹100

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મૂલાકાતે ભારત-નેપાલ અને શ્રીલંકા તથા માલદીવ્સ ખાતેના ઝિમ્બાબ્વીયન એમ્બેસેડર અને ઉદ્યોગ-વાણિજ્ય ડેપ્યુટી મિનિસ્ટર



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ભારત નેપાળ અને શ્રીલંકા તથા માલદીવ્સના ઝિમ્બાબ્વીયન એમ્બેસેડર સુશ્રી. સ્ટેલા નકોમો અને ઇન્ડસ્ટ્રી એન્ડ કોમર્સના ડેપ્યુટી મિનિસ્ટર શ્રી રાજેન્દ્ર કુમાર મોદી અને ડેલીગેશને ગાંધીનગરમાં લીધી હતી.અમદાવાદમાં તા. 11 થી 15 ફેબ્રુઆરી દરમિયાન યોજાઇ રહેલા સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મંડળના 12માં ટ્રેડશોમાં સહભાગી થવા આ ડેલિગેશન ગુજરાત આવેલું છે.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે આ ડેલિગેશને ગાંધીનગરમાં યોજેલી સૌજન્ય મુલાકાત બેઠક દરમિયાન તેમણે ઝિમ્બાબ્વેના સ્મોલ એન્ડ મિડીયમ એન્ટરપ્રાઇઝ સેક્ટરને ગુજરાતના SME સેક્ટરની સ્કીલ અને એક્સપર્ટિઝનો સહયોગ મળે તે અંગે ફળદાયી ચર્ચા-પરામર્શ કર્યા હતા. ઝિમ્બાબ્વેના એમ્બેસેડરશ્રી અને ડેપ્યુટી મિનિસ્ટરશ્રીએ આ સંદર્ભમાં કહ્યું કે, ગુજરાત મેન્યુફેક્ચરિંગ હબ, ઓટો હબ અને ઉભરતા સેક્ટર એવા સેમિકન્ડક્ટરમાં પણ હબ બનવા સાથે MSME સેક્ટરમાં પણ અગ્રેસર છે તેનો લાભ લેવા ઝિમ્બાબ્વે ઉત્સુક છે.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પણ ગુજરાતના MSMEની આ તજજ્ઞતાનો લાભ ઝિમ્બાબ્વેને મળી રહે તે માટે તેમના SME સેક્ટરના પોટેન્શિયલ અને સ્કીલ ડેવલપમેન્ટ તથા ટ્રેનિંગમાં કઈ રીતે કોલાબોરેશનથી આગળ વધી શકાય તેની સંભાવનાઓ ચકાસીને મદદ માટેની તત્પરતા વ્યક્ત કરી હતી.

ઝિમ્બાબ્વે ડેલિગેશને ઉદ્યોગ વેપાર ઉપરાંત એજ્યુકેશન સેક્ટરમાં પણ ગુજરાત સાથે સંબંધો વિસ્તારવામાં રસ દાખવ્યો હતો. ગાંધીનગરની NFSUમાં સિક્યુરિટી, સાયબર ક્રાઇમ સિક્યુરિટી જેવા વિવિધ વિષયોના ઉચ્ચ અભ્યાસક્રમમાં ઝિમ્બાબ્વેના પોલીસ અને સિક્યુરિટી અધિકારીઓ જોડાયેલા છે તેનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઝિમ્બાબ્વે આગામી વાઇબ્રન્ટ સમિટ-2027 અને વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની આગામી કડીમાં સહભાગી થાય તે માટેનું આમંત્રણ પાઠવ્યું હતું.ઝિમ્બાબ્વેના એમ્બેસેડર તથા ડેપ્યુટી મિનિસ્ટરે માર્ચ-2026માં તેમને ત્યાં યોજાઇ રહેલા SME એક્ઝિબિશનમાંગુજરાતના MSME સેક્ટરના ઉદ્યોગકારો અને રાજ્ય સરકારના અધિકારીઓને મુલાકાત માટે આમંત્રણ આપ્યું હતું.SME અને ટ્રેડના લોકો સાથે ઇન્ટરેકશન અને ઉદ્યોગોની પ્રત્યક્ષ મુલાકાતથી ઝિમ્બાબ્વેના SME સેક્ટરને નવી ટેકનોલોજી સુસંગત વિકાસ માટેની તક આના પરિણામે મળશે એવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી મમતા વર્મા, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રીસંજીવ કુમાર, ઉદ્યોગ કમિશનર શ્રી પી. સ્વરૂપ અને મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે આ સૌજન્ય મૂલાકાત બેઠકમાં જોડાયા હતા.

---

### સાબરકાંઠા–અરવલ્લી લોકસભા વિસ્તારના

## ભૂતપૂર્વ સૈનિકોના હિત માટે મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો



સાબરકાંઠા–અરવલ્લી જિલ્લામાં રહેતા એક્સ આર્મી મેન દ્વારા જીવન જરૂરી વસ્તુઓ લેવા માટે ગાંધીનગર અને અમદાવાદ સુધી જવું પડતું હોવાની રજૂઆત સાંસદ શ્રીમતી શોભનાબેન મહેન્દ્રસિંહ બારૈયા સમક્ષ કરવામાં આવી હતી.સાંસદશ્રીએ આ મુદ્દાને પ્રાથમિકતા આપી ભારત સરકારના રક્ષા મંત્રી શ્રી રાજનાથ સિંહ સમક્ષ મજબૂત રજૂઆત કરી હતી. જેના પરિણામે રક્ષા મંત્રાલય (ભારત) હેઠળના Canteen Stores Department (CSD) દ્વારા હિંમતનગર ખાતે એક્સ-સર્વિસમેન કેન્ટીન શરૂ કરવા માટે સિદ્ધાંતક મંજૂરી આપવામાં આવી છે.આ નિર્ણયથી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના અંદાજે ૨૫,૦૦૦ થી વધુ માજી સૈનિકો અને તેમના પરિવારજનોને સીધો લાભ મળશે. હવે ભૂતપૂર્વ સૈનિકોને જીવન જરૂરી વસ્તુઓ લેવા માટે દૂર શહેરોમાં જવાની જરૂર નહીં રહે અને પોતાના વિસ્તારમાં હિંમતનગર ખાતે યોગ્ય દરે સામાન ઉપલબ્ધ થશે.સાંસદશ્રીએ જણાવ્યું કે આ નિર્ણય ભૂતપૂર્વ સૈનિકોના સન્માન, સુવિધા અને કલ્યાણ માટે મહત્વપૂર્ણ પગલું સાબિત થશે અને સરકાર હંમેશા સૈનિકો તથા તેમના પરિવારજનોના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે.સાંસદશ્રી ની રજુઆત ને ધ્યાને લઈને હિંમતનગર ખાતે એક્સ-સર્વિસમેન કેન્ટીન શરૂ કરવા માટે સિદ્ધાંતક મંજૂરી આપવા બદલ સાંસદશ્રીએ ભારત સરકારના માનનીય રક્ષા મંત્રી શ્રી રાજનાથ સિંહ ને રૂબરૂ મળી એમનો આભાર વ્યક્ત કર્યો હતો

---

## હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં હજયાત્રીઓનું હેલ્થ ચેકઅપ શરૂ



સાબરકાંઠા જિલ્લાના હજયાત્રીઓ માટે દોઢ મહિના બાદ હજ માટે સાઉદી અરબ જવા તૈયાર થતા આરોગ્ય ચેકઅપની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જિલ્લામાંથી કુલ ૩૪૦ હજયાત્રીઓ હજ અદા કરવા જશે, જેને લઈને હિંમતનગર સિવિલ હોસ્પિટલ દ્વારા સોમવારથી વિશેષ આરોગ્ય તપાસ અને વેક્સિનેશનની શરૂઆત કરવામાં આવી છે.હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં હજયાત્રીઓ માટે અલગ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જેમાં પ્રથમ કેસ પેપર કાઢ્યા બાદ રજિસ્ટ્રેશન કરવામાં આવે છે, ત્યારબાદ તબીબો દ્વારા સંપૂર્ણ આરોગ્ય તપાસણી કરી જરૂરી વેક્સિનેશન આપવામાં આવે છે. હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં હજયાત્રીઓ માટે અલગ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જેમાં પ્રથમ કેસ પેપર કાઢ્યા બાદ રજિસ્ટ્રેશન કરવામાં આવે છે, ત્યારબાદ તબીબો દ્વારા સંપૂર્ણ આરોગ્ય તપાસણી કરી જરૂરી વેક્સિનેશન આપવામાં આવે છે. સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા રોજના ૧૦૦ હજયાત્રીઓને બોલાવવામાં આવી રહ્યા છે. સવારે ૯ વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી આ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. સમગ્ર પ્રક્રિયા ચાર દિવસ સુધી ચાલશે. હજ દરમિયાન યાત્રીઓનું આરોગ્ય સુસ્થ રહે તે માટે આગોતરી તકેદારી રૂપે આ ચેકઅપ અને વેક્સિનેશન કરવામાં આવી રહ્યું છે, જેથી હજયાત્રીઓ નિશ્ચિંત થઈ પોતાની પવિત્ર યાત્રા પૂર્ણ કરી શકે.

## સાબરકાંઠા જિલ્લામાં ‘બાળલગ્ન મુક્ત ભારત’ અભિયાન અંતર્ગત જિલ્લા કલેક્ટર શ્રી એ જાગૃતિ રથનું પ્રસ્થાન કરાવ્યુ

સાબરકાંઠા જિલ્લા વહીવટી તંત્ર અને ગાયત્રી સેવા સંસ્થાના સંયુક્ત ઉપક્રમે સાબરકાંઠા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં બાળલગ્ન જેવી સામાજિક બદીને નાબૂદ કરવાના ઉમદા હેતુથી ‘બાળલગ્ન મુક્ત રથ’નું જિલ્લા કલેક્ટરશ્રી લલિત નારાયણ સિંઘ સાંદુના હસ્તે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. તેમજ સિગ્નેચર કેમ્પેઇન દ્વારા લોકોને બાળ લગ્ન નાબૂદી માટે પ્રતિબંધ કરાશે. બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્હી દ્વારા ૨૭ નવેમ્બર, ૨૦૨૪ના રોજ શરૂ કરવામાં આવેલા ‘બાળલગ્ન મુક્ત ભારત (BVMB)’ અભિયાનની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે, ૨૭ નવેમ્બર ૨૦૨૫ થી ૦૮ માર્ચ ૨૦૨૬ સુધી દેશભરમાં ૧૦૦ દિવસનું વિશેષ થીમ આધારિત અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, જેના ભાગરૂપે આ જનજાગૃતિ રથ આગામી દિવસોમાં જિલ્લાના ગામે-ગામ ફરીને લોકોને જાગૃત કરવાનું કાર્ય કરશે.આ ૧૦૦ દિવસીય અભિયાન દ્વારા જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં બાળલગ્નના ગેરફાયદા અને કાયદાકીય જોગવાઈઓ વિશે સમજણ આપી, સાબરકાંઠાને સંપૂર્ણપણે બાળલગ્ન મુક્ત જિલ્લો બનાવવાના પ્રયાસો તેજ કરવામાં આવ્યા છે. આ કાર્યક્રમમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી મનિષભાઇ જોષી, મહિલા અને બાળ વિકાસ અધિકારી ડો. પ્રજ્ઞાબેન તેમજ જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી એસ.એસ. પાંડોર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ચાઇલ્ડ લાઇન-૧૦૯૮ રીઝનલ કોઓર્ડીનેટર શ્રી વિક્રમસિંહ રહેવર, ગાયત્રી સેવા સંસ્થાના સ્થાપક ડો. શૈલેન્દ્ર પંડ્યા તથા પ્રોજેક્ટ કોર્ડિનેટર શ્રી નિતિન પાલીવાલ સહિતના સ્ટાફગણે હાજર રહી અભિયાનને સફળ બનાવવા સંકલ્પ લીધો હતો

# હિંમતનગરમાં વીજ ખાનગીકરણના વિરોધમાં ગુંજ્યા નારા : ૪૫,૦૦૦ વીજ કર્મચારીઓના સમર્થનમાં વિરોધ પ્રદર્શન



કેન્દ્ર સરકાર દ્વારા આગામી બજેટ સત્રમાં રજૂ થનારા ઈલેક્ટ્રીસીટી (એમેન્ડમેન્ટ) બીલ ૨૦૨૫ અને નેશનલ ઈલેક્ટ્રીસીટી પોલીસી ૨૦૨૬ના વિરોધમાં આજે હિંમતનગર ખાતે વીજ કર્મચારીઓ અને ઇજનેરો દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ઓલ ઈન્ડિયા પાવર એન્જીનીયર ફેડરેશન (AIPEF) ના રાષ્ટ્રવ્યાપી આંદોલનના સમર્થનમાં ગુજરાત ઊર્જા સંયુક્ત સંકલન સમિતિ (GEBEA અને AGVKS) ના નેજા હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો.કેન્દ્ર સરકાર દ્વારા વીજળી ક્ષેત્રને ખાનગી એકમોને હસ્તગત કરવાની નીતિ અને ફરજિયાત સ્માર્ટ મીટરિંગ સામે કર્મચારીઓમાં ભારે રોષ છે. ગુજરાતભરના અંદાજે ૭,૦૦૦ ઇજનેરો અને ૪૫,૦૦૦ કર્મચારીઓ આ વિરોધમાં જોડાયા છે. બપોરે ૨:૦૦ થી ૨:૩૦ ના રિશેષના સમયગાળા દરમિયાન હિંમતનગરની વીજ કંપનીની મુખ્ય કચેરી ખાતે કર્મચારીઓ એકઠા થયા હતા અને સરકારની નીતિઓ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.કર્મચારીઓની મુખ્ય માંગણીઓ: ૧. વીજળી (સુધારા) બિલ-૨૦૨૫ અને રાષ્ટ્રીય વીજળી નીતિ-૨૦૨૬ તાત્કાલિક પાછી ખેંચવી.૨. સ્માર્ટ મીટરિંગ અને નોકરીઓનું કરારીકરણ (આઉટસોર્સિંગ) બંધ કરવું.૩. વીજ કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના (OPS) પુનઃસ્થાપિત કરવી.૪. ખાલી પડેલી જગ્યાઓ પર તાત્કાલિક નવી ભરતી કરવી.સંયુક્ત સંકલન સમિતિના અગ્રણીઓએ જણાવ્યું હતું કે, જો સરકાર દ્વારા આ બાબતે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો આગામી સમયમાં આંદોલન વધુ તેજ બનાવવામાં આવશે. વધુમાં તેઓએ ખાતરી આપી હતી કે આ પ્રદર્શન દરમિયાન વીજ પુરવઠાને કોઈ અસર પહોંચાડવામાં આવી નથી અને પ્રજાની સુવિધાનો ખ્યાલ રાખવામાં આવ્યો છે.

# હિંમતનગર શહેરના ગાયત્રી મંદિર રોડ પર આવેલી અંબિકા પરિવાર સોસાયટીના રહિશો દ્વારા આડેધડ પાણી વેડફાતાં પાલિકા દ્વારા નોટીસ



હિંમતનગર શહેર ના ગાયત્રી મંદિર રોડ પર આવેલી અંબિકા પરિવાર સોસાયટીમાં રહિશો દ્વારા આડેધડ પાણીનો વપરાશ કરતાં જાહેર રસ્તાઓ પર પાણી ફરી વળતાં રસ્તાઓ પરથી પસાર થતાં રાહદારી ને ભારે હાલાકી ભોગવી રહ્યા છે. હિમતનગર પાલિકા વિસ્તારોમાં આવેલ સોસાયટીઓ દ્વારા જાહેર રસ્તાઓ પર પાણી ઢોળી પાણીનો બગાડ કરતી અને જાહેર રસ્તાઓને નુકસાન કરતી સોસાયટીને હિમતનગર નગરપાલિકા દ્વારા નોટીસો આપવામાં આવેલ છે. આગામી સમયમાં સોસાયટીઓ દ્વારા પાણીનો બગાડ કરતી જાહેર રસ્તાઓ પર પાણી ઢોળી પાણીનો બગાડ કરતી અને જાહેર રસ્તાઓને નુકસાન કરતી સોસાયટીઓ ના પાણીના નળ કનેક્શન કાપી નાખવામાં આવશે.આ બાબતે નગર પાલિકાના સેનેટરી ઇન્સ્પેક્ટર દીપક જાની, પિનાકીન પ્રજાપતિ, ગુણવંતભાઈ રાવલ દ્વારા ચેકીંગ કર્યું હતું.

# હિંમતનગર બી ડિવિઝન પોલીસ સ્ટેશનનું વાર્ષિક ઇન્સ્પેકશન કરાયું

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરમાં બી ડિવિઝન પોલીસ સ્ટેશનનું મંગળવારે વાર્ષિક ઇન્સ્પેકશન કરવામાં આવ્યું હતું. જિલ્લા પોલીસવડા ડૉ.પાર્થરાજસિંહ ગોહિલે ઇન્સ્પેકશન કર્યું હતું ત્યારબાદદફતર ચકાસણી અને સ્ટાફ સાથે વિચાર વિમર્શ કર્યા બાદ લોક દરબાર અને પોલીસ દરબાર પણ યોજાયા હતા. ઇન્સ્પેકશન દરમિયાન જિલ્લા પોલીસ વડાએ પરેડનું નિરીક્ષણ કરીને પોલીસ સ્ટેશનની આસપાસના મુદ્દામાલ સહિતના સ્થળોની મુલાકાત લીધી હતી અને પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કેસોની તપાસ કરી હતી. ત્યારબાદ પોલીસ સ્ટેશનના પરિસરમાં લોક દરબાર યોજાયો હતો જેમાં પોલીસ સ્ટેશનની હદમાં આવેલા વિવિધ વિસ્તારના રહીશો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ લોક દરબારમાં ટ્રાફિકની સમસ્યા અને કેટલાક વિસ્તારોમાં સીસીટીવી લગાવવા અંગેની રજૂઆતો કરાઈ હતી. લોક દરબાર પૂર્ણ થયા બાદ સ્વચ્છતા ચકાસણી અને નોટ રીડિંગ કરવામાં આવ્યું હતું.વાર્ષિક ઇન્સ્પેકશનના અંતિમ તબક્કામાં જિલ્લા પોલીસ વડા અને નાયબ પોલીસ અધિક્ષક એ.કે.પટેલની અધ્યક્ષતામાં પોલીસ દરબાર યોજાયો હતો. આ દરબારમાં બી ડિવિઝનના પીઆઇ એ.એમ. ચૌધરી, પીએસઆઇ, એએસઆઇ અને અન્ય પોલીસ કર્મીઓ હાજર રહ્યા હતા. વાર્ષિક ઇન્સ્પેકશનના અંતિમ તબક્કામાં જિલ્લા પોલીસ વડા અને નાયબ પોલીસ અધિક્ષક એ.કે.પટેલની અધ્યક્ષતામાં પોલીસ દરબાર યોજાયો હતો. આ દરબારમાં બી ડિવિઝનના પીઆઇ એ.એમ. ચૌધરી, પીએસઆઇ, એએસઆઇ અને અન્ય પોલીસ કર્મીઓ હાજર રહ્યા હતા. અંતે પોલીસ સ્ટેશન પરિસરમાં વૃક્ષારોપણ કરાયું હતું.

# તા.૧૩ ફેબ્રુઆરી "વિશ્વ રેડિયો" દિવસ :સુમધુર ધ્વનિ દ્વારા લોકોના દિલ સુધી પહોંચવાની શક્તિ એટલે રેડિયો

તા.૧૩ ફેબ્રુઆરી “વિશ્વ રેડિયો” દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. તેવામાં આજના ડીજીટલ અને મલ્ટીમીડિયાના સમયમાં માહિતી, શિક્ષણ અને મનોરંજન માટે રેડિયોનો એક મોટો ચાહક વર્ગ આજે પણ અડીખમ છે. સવારના પ્રભાતિયા હોય, ગામનો ચોરો હોય, રેલવે કે બસની મુસાફરી હોય કે પછી રસોડામાં ગૃહિણીઓ કામ કરતી હોય રેડિયોની લોકપ્રિયતા આજે પણ યથાવત છે. આપણા સૌના લોકલાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ “મન કી બાત” કાર્યક્રમના માધ્યમથી જનજન સુધી સંદેશો પહોચાડે છે. રેડિયોનો ઉદ્ભવ ૧૯મી સદીના અંતમાં થયો હતો, જેમાં મુખ્ય ફાળો ઈટાલિયન એન્જિનિયર શ્રી ગિગ્લીલ્મો માર્કોનીનો હતો, વર્ષ ૧૮૯૫થી ૧૮૯૭માં પ્રથમ વાયરલેસ સિગ્નલ ટ્રાન્સમિશનની ટેક્નોલોજી માત્ર નૌસેના માટે ઉપયોગી હતી. તા. ૨૪ ડિસેમ્બર ૧૯૦૬ના રોજ રેગિનાલ્ડ ફેસેન્ડને વાયોલિન વગાડીને પ્રથમ રેડિયો પ્રસારણ (ઓડિયો) કર્યું હતું, જે રેડિયોના વ્યવહારિક યુગની શરૂઆત હતી. ભારતમાં રેડિયોની શરૂઆત વર્ષ ૧૯૨૭માં ખાનગી પ્રસારણ સાથે થઈ, જેનું વર્ષ ૧૯૩૦માં રાષ્ટ્રીયકરણ (Indian State Broadcasting Service) કરી અને ત્યાર બાદ વર્ષ ૧૯૩૬માં 'ઓલ ઈન્ડિયા રેડિયો' (AIR) તરીકે ઓળખાયું હતું. ગુજરાતમાં રેડિયોનો પાયો વડોદરાના મહારાજા શ્રી સયાજીરાવ ગાયકવાડે વર્ષ ૧૯૩૯માં નાખ્યો હતો, જેને ૧૯૪૮માં AIR સાથે મર્જ કરી દેવામાં આવ્યો હતો. વર્ષ ૧૯૫૬થી AIR 'આકાશવાણી' તરીકે જાણીતું થયું હતું. તથા રાજકોટમાં આકાશવાણી(રેડિયો)નો પ્રારંભ વર્ષ ૧૯૫૫ના રોજ બાલભવનના પટાંગણમાં થયો હતો. રેડિયોના શ્રાવ્ય તરંગો શ્રોતાઓને પોતાની દુનિયામાં લઇ જાય છે. જે રેડિયોનું સબળ પાંસુ છે. જે દ્રશ્ય અને શ્રાવ્ય માધ્યમ એટલે કે ટેલીવીઝન ઉપરાંત, પ્રિન્ટ મીડિયા કરતાં ખુબ જ ઓછા ખર્ચે સંદેશો પહોંચાડવા ઉપયોગી બને છે. ભૌગોલિક રીતે દૂરના સમુદાયોના લોકો સુધી પહોંચવા માટે મદદરૂપ સાબિત થાય છે. રેડિયો વિશાળ શ્રોતાઓ સુધી પહોંચવાની આ અનોખી ક્ષમતાના કારણે જ આજના સમયમાં એટલો જ ઉપયોગી છે. અને અનેકવિધ સમાજને સમાન સંદેશો આપવા સક્રિય ભૂમિકા ભજવે છે. માત્ર મનોરંજન નહિ કે માત્ર જ્ઞાન નહિ પરંતુ ઇન્ફોટેનમેન્ટની વિચારધારા સાથે રેડિયો આજે સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓ, આપદા સમયે માહિતી અને મિત્ર બની યુવાનોને દિશાનિર્દેશ કરે છે. જેમાં મુખ્યત્વે આકાશવાણી (All India Radio - AIR)ના પ્રસાર ભારતી હેઠળ “બેટી બચાવો, બેટી પઢાઓ”, “સ્વચ્છ ભારત”, “આયુષ્યમાન ભારત”, “મેદસ્વિતા મુક્ત ભારત”, “સુપોષિત ભારત”, “જળ સંચય” સહિતની યોજનાઓની માહિતી સંગીત કાર્યક્રમો, રેડિયો નાટકો, વાર્તાલાપ-ચર્ચા અને વિશેષ કાર્યક્રમોના માધ્યમથી લોકો સુધી પહોંચાડવામાં આવે છે. કટોકટી સંદેશાવ્યવહાર, પુર, આપદા તથા કોરોના જેવી મહામારીમાં પણ રેડિયો સામાજિક સંદેશો આપવા ખુબ જ ઉપયોગી સાબિત થાય છે. આજના આ ગ્લોબલાઇઝેશનના સમયમાં સ્માર્ટ ફોનની દુનિયામાં આકાશવાણી દેશના ૯૨% વિસ્તારના નાગરિકોને આવરી લઇ માહિતી પહોંચાડવામાં ઉપયોગી સાબિત થાય છે.આ વર્ષની વિશ્વ રેડિયો દિવસની થીમ “રેડિયો અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ” છે. આજનો રેડિયો પછી એ પ્રસાર ભારતી હોય કે પ્રાઈવેટ એફ.એમ. સ્ટેશન પોતાની લોકપ્રિયતા જાળવી રાખી છે. જ્યાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) રેડિયોને મજબૂત બનાવવામાં ઉપયોગી સાબિત થઇ શકે છે. તથા માહિતી આપવા, શિક્ષિત કરવા અને મનોરંજન પીરસીને આજની યુવા પેઢીને સાંકળી રાખી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, યુનેસ્કો દ્વારા વર્ષ ૨૦૧૧-૧૨થી દર વર્ષે ૧૩ ફેબ્રુઆરીના રોજ વિશ્વ રેડિયો દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેમાં આ વર્ષે AIને સાંકળીને આવનારા સમયમાં રેડિયોને વધુ પ્રસ્તુત બનાવવાની તક છે. કોમ્યુનિકેશનના આજના યુગમાં રેડિયો સાથે સંકળાયેલા રહીએ અને પ્રત્યાયનના પાયાના માધ્યમને ટકાવી તેની સાથે જોડાયેલા રહીએ. નેરોકાસ્ટિંગથી બ્રોડકાસ્ટિંગ અને બ્રોડકાસ્ટિંગથી પોડકાસ્ટિંગ સુધી........ તો ચાલો આપણે સૌ સાથે મળીને વિશ્વ રેડિયો દિવસની ઉજવણી કરીએ..

Owner, Publisher, Editor & Printer : Badshahkhan Ajabkhan Pathan 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat – 383430.
Name & Address of Printing Press Print Magic Graphics Milkat No. 2567, Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat – 383430. Place of Publication 892, Muslim Vistar, At & Po. Gambhirpura, Taluka: Idar, District: Sabarkantha, Gujarat – 383430.

# એસ.ટી. નિગમ દ્વારા ભવનાથ મહાશિવરાત્રી મેળા માટે એક્સ્ટ્રા ૧૯૫ બસમાં ૭૮૦૦થી વધુ ટ્રીપોનું સંચાલન કરાશે

આગામી પાંચ દિવસ દરમિયાન જૂનાગઢ ખાતે મહાશિવરાત્રી મેળો યોજાવાનો છે. આ મેળામાં આવતા લાખો શ્રદ્ધાળુઓની સુવિધા માટે એસ.ટી. નિગમ દ્વારા વિશેષ પરિવહન વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ગત વર્ષે ૨.૯૧ લાખ મુસાફરોએ સેવાનો લાભ લીધો હતો, જેને ધ્યાને રાખી આ વર્ષે ક્ષમતામાં વધારો કરવામાં આવ્યો છે. જેમાં આ વર્ષે અંદાજે ૧૯૫ જેટલી વધુ બસમાં ૭૮૦૦થી વધુ ટ્રીપો દ્વારા ૩.૭૦ લાખ જેટલા મુસાફરોને સુવિધા આપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.મહાશિવરાત્રી મેળાને 'મિનિ કુંભ મેળા' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ વર્ષનો મેળો અત્યાર સુધીનો સૌથી ભવ્ય અને ઐતિહાસિક બનવાનો છે ત્યારે લાખઓની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભવનાથના દર્શનાર્થે આવશે. શ્રદ્ધાળુઓના ધસારાને પહોંચી વળવા માટે કુલ ૧૯૫ વધારાની બસો દોડાવવામાં આવશે. જૂનાગઢ બસ સ્ટેશનથી ગિરનાર તળેટી સુધી જવા માટે દૈનિક ૮૦ વધારાની બસોનું સંચાલન કરવામાં આવશે.આંતર-જિલ્લા સુવિધા માટે આસપાસના જિલ્લાઓમાંથી આવતા ભક્તો માટે જૂનાગઢ ડિવિઝનની ૬૫ અને અન્ય ડિવિઝનની ૫૦ મળીને કુલ ૧૧૫ એક્સપ્રેસ બસો દોડાવવામાં આવશે. મુસાફરોની સુરક્ષા અને સમયપાલન માટે મેળા દરમિયાન તમામ બસોનું ૨૪*૭ જીપીએસ દ્વારા સતત મોનીટરીંગ કરવામાં આવશે.એસ.ટી. નિગમ દ્વારા કરવામાં આવેલ આ સુદ્રઢ આયોજનને કારણે શિવભક્તો કોઈપણ અડચણ વગર મહાદેવના દર્શન કરી ભવનાથ મહાશિવરાત્રી મેળાનો આનંદ માણી શકશે.

**૭૮૦૦થી વધુ ટ્રીપો દ્વારા ૩.૭૦ લાખ જેટલા મુસાફરોને સુવિધા આપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું**

## મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની કચેરી, દાંતા

**મુ. દાંતા, તા. દાંતા, જિ. બનાસકાંઠા, ટેલિફોન નં. ૦૨૭૪૯ -૨૭૮૧૩૪ પિનકોડ-૩૮૫૧૨૦**

**email:- danta-danta-n@gujarat.gov.in**

**જન્મ/મરણ નોધણી અરજ નં.૧૦/૨૦૨૬**

**અરજદારશ્રી :આગલોડીયા રાબીયાબેન યાસીનભાઈ,રહે.નારગઢ,તા.દાંતા,જી.બનાસકાંઠા**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,નારગઢ ગ્રામ પંચાયત કચેરી,તા.દાંતા,જી.બનાસકાંઠા**

**વિષય : જન્મ મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (3) મુજબ જન્મનો દાખલો મેળવવા બાબત**

આથી તમામ લાગતા વળગતા ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે.કે અરજદારશ્રી આગલોડીયા રાબીયાબેન યાસીનભાઈ નો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૫ ના રોજ મુ.નારગઢ તા.દાંતા મુકામે થયેલ જેઓના જન્મની નોધણી નારગઢ ગ્રામ પંચાયત તા.દાંતા મુકામે થયેલ ના હોઈ જેઓના જન્મની નોધણી નારગઢ ગ્રામ પંચાયત તા.દાંતા જી.બનાસકાંઠાના જન્મ રજીસ્ટ્રરે થયેલ નથી.જેથી અરજદારશ્રીના જન્મ નોધણી અંગે જે કોઈ ને વાંધો યા તકરાર હોય તો તેમણે અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-30માં જાતે અગર વકીલ મારફત હાજર રહેવું તેમ કરવામાં કસુર રહેશો તો તેમની ગેરહાજરીમાં કોર્ટ દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની સર્વેને નોધ લેવી.

આજ રોજ તા.૨૨/૦૧/૨૦૨૬ ના રોજ સહી તથા સિક્કો કરી આપેલ

**કોર્ટનો સિક્કો**

| | | |
|---|---|---|
| | | **હુકમથી** |
| **તૈયાર કરનાર** | **મુકાદમ કરનાર** | **સહી/-** |
| **સહી/-** | **સહી/-** | **(બી.સી. બારોટ)** |
| **(એન.કે. ચૌધરી)** | **(એન.આર. જોષી)** | **મામલતદાર અને** |
| **કારકુન** | **નાયબ મામલતદાર** | **એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ** |

## મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની કચેરી, દાંતા

**મુ. દાંતા, તા. દાંતા, જિ. બનાસકાંઠા, ટેલિફોન નં. ૦૨૭૪૯ -૨૭૮૧૩૪ પિનકોડ-૩૮૫૧૨૦**

**email:- danta-danta-n@gujarat.gov.in**

**જન્મ/મરણ નોધણી અરજ નં.૦૪/૨૦૨૬**

**અરજદારશ્રી :ઐયુબભાઈ દાઉદભાઈ નાંદોલીયા,રહે.નારગઢ,તા.દાંતા,જી.બનાસકાંઠા**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,નારગઢ ગ્રામ પંચાયત કચેરી,તા.દાંતા,જી.બનાસકાંઠા**

**વિષય : જન્મ મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (3) મુજબ જન્મનો દાખલો મેળવવા બાબત**

આથી તમામ લાગતા વળગતા ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે.કે અરજદારશ્રી ઐયુબભાઈ દાઉદભાઈ નાંદોલીયા નો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૮ ના રોજ મુ.નારગઢ તા.દાંતા મુકામે થયેલ જેઓના જન્મની નોધણી નારગઢ ગ્રામ પંચાયત તા.દાંતા મુકામે થયેલ ના હોઈ જેઓના જન્મની નોધણી નારગઢ ગ્રામ પંચાયત તા.દાંતા જી.બનાસકાંઠાના જન્મ રજીસ્ટ્રરે થયેલ નથી.જેથી અરજદારશ્રીના જન્મ નોધણી અંગે જે કોઈ ને વાંધો યા તકરાર હોય તો તેમણે અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-30માં જાતે અગર વકીલ મારફત હાજર રહેવું તેમ કરવામાં કસુર રહેશો તો તેમની ગેરહાજરીમાં કોર્ટ દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની સર્વેને નોધ લેવી.

આજ રોજ તા.૨૨/૦૧/૨૦૨૬ ના રોજ સહી તથા સિક્કો કરી આપેલ

**કોર્ટનો સિક્કો**

| | | |
|---|---|---|
| **તૈયાર કરનાર** | **મુકાદમ કરનાર** | **હુકમથી** |
| **સહી/-** | **સહી/-** | **સહી/-** |
| **(એન.કે. ચૌધરી)** | **(એન.આર. જોષી)** | **(બી.સી. બારોટ)** |
| | | **મામલતદાર અને** |
| | | **એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ** |

## મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની કચેરી, દાંતા

**મુ. દાંતા, તા. દાંતા, જિ. બનાસકાંઠા, ટેલિફોન નં. ૦૨૭૪૯ -૨૭૮૧૩૪ પિનકોડ-૩૮૫૧૨૦**

**email:- danta-danta-n@gujarat.gov.in**

**જન્મ/મરણ નોધણી અરજ નં.૦૮/૨૦૨૬**

**અરજદારશ્રી : સુણેસરા અનીશાબેન ઈર્શાદભાઈ,રહે.અડેરણ(ન),તા.દાંતા,જી.બનાસકાંઠા**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,નારગઢ ગ્રામ પંચાયત કચેરી,તા.દાંતા,જી.બનાસકાંઠા**

**વિષય : જન્મ મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (3) મુજબ જન્મનો દાખલો મેળવવા બાબત**

આથી તમામ લાગતા વળગતા ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે.કે અરજદારશ્રી સુણેસરા અનીશાબેન ઈર્શાદભાઈ નો જન્મ તા.૦૮/૦૪/૧૯૯૬ ના રોજ મુ.નારગઢ તા.દાંતા મુકામે થયેલ જેઓના જન્મની નોધણી નારગઢ ગ્રામ પંચાયત તા.દાંતા મુકામે થયેલ ના હોઈ જેઓના જન્મની નોધણી નારગઢ ગ્રામ પંચાયત તા.દાંતા જી.બનાસકાંઠાના જન્મ રજીસ્ટ્રરે થયેલ નથી.જેથી અરજદારશ્રીના જન્મ નોધણી અંગે જે કોઈ ને વાંધો યા તકરાર હોય તો તેમણે અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-30માં જાતે અગર વકીલ મારફત હાજર રહેવું તેમ કરવામાં કસુર રહેશો તો તેમની ગેરહાજરીમાં કોર્ટ દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની સર્વેને નોધ લેવી.

આજ રોજ તા.૨૨/૦૧/૨૦૨૬ ના રોજ સહી તથા સિક્કો કરી આપેલ

**કોર્ટનો સિક્કો**

| | | |
|---|---|---|
| | | **હુકમથી** |
| **તૈયાર કરનાર** | **મુકાદમ કરનાર** | **સહી/-** |
| **સહી/-** | **સહી/-** | **(બી.સી. બારોટ)** |
| **(એન.કે. ચૌધરી)** | **(એન.આર. જોષી)** | **મામલતદાર અને** |
| **કારકુન** | **નાયબ મામલતદાર** | **એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ** |

# 'સેવા એ જ સાધના, શબ્દની આરાધના'; નર્મદા જિલ્લાના નીલકંઠ ધામ-પોઈચા ખાતે આયોજિત માહિતી ખાતાની બે દિવસીય ચિંતન શિબિરનો પ્રારંભ...

**માહિતી ખાતાની કામગીરી સાથે સંકળાયેલા રાજ્યભરના વર્ગ 1-2ના અધિકારીઓ આ બે દિવસીય ચિંતન શિબિરમાં જન કલ્યાણકારી યોજનાઓને વધુ અસરકારક રીતે છેવાડાના માનવીઓ સુધી પહોંચાડવા સંદર્ભે પ્રત્યાયન માધ્યમોના બદલાતા જતા પ્રવાહ અને ટેક્નોલોજીના ઉપયોગ તેમજ પડકારો બાબતે મનોમંથન કરશે...માહિતી ખાતાની ભૂમિકા માત્ર સરકારી યોજનાઓના પ્રચાર-પ્રસાર પૂરતી મર્યાદિત નથી, પણ સરકાર અને જનતા વચ્ચે વિશ્વાસનો સેતુ બાંધવાની છે : માહિતી કમિશનર શ્રી કે. એલ. બચાણીઆ પ્રસંગે માહિતી અને પ્રસારણ વિભાગના ઉપસચિવ શ્રી દીપ પટેલ, મુખ્યમંત્રીશ્રીના અધિક જનસંપર્ક અધિકારી શ્રી વિવેકભાઈ ત્રિવેદી, અધિક માહિતી નિયામક શ્રી અરવિંદભાઈ પટેલ, સંયુક્ત માહિતી નિયામકશ્રીઓ, નાયબ માહિતી નિયામકશ્રીઓ, સહાયક માહિતી નિયામકશ્રીઓ ઉપસ્થિત રહ્યાં...**



# કરોડોના રોકાણ મેળવી એપી કન્સલ્ટન્સીની ઓફીસ બંધ કરી ફરાર




સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરમાં એપી કન્સલ્ટન્સી પ્રાઈવેટ લિમિટેડના અનિલસિંહ પરમાર દ્વારા એકના ડબલ તેમજ ડિપોઝિટ પર ઊંચું વ્યાજ આપવાની લોભામણી લાલચો આપી લોકોના ચેક અને રોકડથી ગેરકાયદેસર રીતે કરોડો રૂપિયા લઈ ફરાર થઈ જતા લોકોના જીવ તાળવે ચોટી ગયા છે.હિંમતનગરના શહેરના આરટીઓ સર્કલની સામે આવેલ સત્વમ-૭ કોમ્પલેક્ષમાં અનિલસિંહ પરમાર આલીશાન ઓફિસ તૈયાર કરાઈ હતી. ત્યારબાદ હિંમતનગર,ચિલોડા,ખેડબ્રહ્મા ભિલોડા, ખેડબ્રહ્મા, મહેસાણા, મોડાસા,ગાંભોઈ,પ્રાંતિજ,વિસનગર,પાટણ,અમદાવાદ,નડિયાદઆણંદ,સુરત,નવસારી,વલસાડ,પાલનપુર,ધનસુરા, અને બાયડ જેવા વિવિધ શહેરોમાં એજન્ટોની નિમણૂક કરી હતી.હિંમતનગર શહેરમાં આવેલ માઈલસ્ટોન હોટલમાં રોકાણકારોને બોલાવી રોકાણ પર ઊંચું વ્યાજ મળશે તેવી લોભામણી લાલચો આપવામાં આવેલી હતી અને અસંખ્ય રોકાણકારોને ૭ થી ૮ ટકા ઊંચા વ્યાજની લાલચમાં આવી ગયા અને હતા. જ્યારે કેટલાક લોકોને ટૂંક સમયમાં જ નાણાં ડબલ કરવાની પોન્જી સ્કીમમાં ભોળવી અને લલચાવી રોકાણ કરાવાયું હતું. ત્યારબાદ વધુ રોકાણ થાય તે આશયથી અનિલસિંહ પરમાર દ્વારા એજન્ટો અને રોકાણ કરનારને છેલ્લા બે વર્ષમાં કુલુ, મનાલી,સીમલા,ગોવા અને થાઈલેન્ડની વિદેશી યાત્રા કરવામાં આવેલ હતી. પરંતુ થોડાક સમય પછી અચાનક ઓફિસના પાટિયા પાડીઅનિલસિંહ પરમાર ભૂગર્ભમાં જતા રહેતાં અસંખ્ય રોકાણકારોને હાલ રોવાનો વારો આવ્યો છે.જેને લઈ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં એપી કન્સલ્ટન્સી પ્રાઈવેટ લિમિટેડ વિરુદ્ધ ફરિયાદ થયેલ હતી. જેમાં(૧) અનિલસિંહ ઉર્ફે અનિલકુમાર પ્રદીપસિંહ પરમાર-કંપની ડાયરેક્ટર-ફરાર(૨) સુધીરસિંહ મકવાણા - અનિલસિંહનો સાળો-ફરાર(૩) નીકીતાબેન અનિલસિંહ પ્રદીપસિંહ પરમાર-મુખ્ય આરોપીની પત્ની - અટકાયત(૪) હિતેન્દ્રસિંહ સજ્જનસિંહ પરમાર-કંપનીના ડાયરેક્ટર -અટકાયત(૫) રણવીરસિંહ સજ્જનસિંહ પરમાર-મુખ્ય આરોપીના કાકાનો દીકરો - અટકાયત(૬) કૃપાલસિંહ પ્રદીપસિંહ પરમાર-મુખ્ય આરોપીનો ભાઈ -અટકાયત ની અટકાયત કરવામાં આવેલ હતી. જ્યારે અનિલસિંહ ઉર્ફે અનિલકુમાર પ્રદીપસિંહ પરમાર-કંપની ડાયરેક્ટર-ફરાર આજદિન સુધી પોલીસ શોધખોળમાં મળી આવેલ નથી આ બાબતે હાલમાં ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન એપી કન્સલ્ટન્સી પ્રાઈવેટ લિમિટેડ કંપનીના ડાયરેક્ટર અનિલસિંહ પ્રદીપસિંહ પરમાર વિરુદ્ધ પોલીસે જીપીઆઈડી હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે

## કોટડાગઢીની સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ કરતાં એક વિરૂધ્ધ ફરીયાદ

સાબરકાંઠા જિલ્લાના ખેરોજ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ કોટડાગઢીની એક સગીરાનું થોડાક દિવસ અગાઉ ગામનો જ એક શખ્સ વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયા બાદ સગીરાની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ કર્યું હોવાના આક્ષેપ સાથેની ફરીયાદ ગુરૂવારે ખેરોજ પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.આ અંગે કોટડાગઢી ગામે રહેતી સગીરાએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત તા.૮ ફેબ્રુઆરીના રોજ સાંજના સુમારે નજીર ધર્મા ગમારે પરિવારજનોની જાણ બહાર તેણીનું વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયા બાદ લગ્ન કરવાની લાલચ આપી ફોસલાવી પટાવી સગીરા સાથે અવાર નવાર મરજી વિરૂધ્ધ દુષ્કર્મ કર્યું હતું. જેથી સગીરાના પરિવારજનોને ખબર પડયા બાદ ભોગ બનનાર સગીરાએ નજીર ગમાર વિરૂધ્ધ ગુરૂવારે ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી

## હિંમતનગરમાં આંગણવાડી બહેનોની હડતાલ : હાઈકોર્ટના ૨૪,૮૦૦ અને ૨૦,૦૦૦ વેતન આદેશનો અમલ કરવાની માંગ

ગુજરાતભરમાં આજે વિવિધ ટ્રેડ યુનિયનો દ્વારા કાર્યક્રમો યોજાયા છે. ખાસ કરીને આંગણવાડી બહેનોના વેતન મુદ્દે વિરોધ તેજ બન્યો છે. ગુજરાત હાઈકોર્ટ દ્વારા આંગણવાડી બહેનોને ૨૪,૮૦૦ રૂપિયા અને હેલ્પર બહેનોને ૨૦,૦૦૦ રૂપિયા વેતન ચૂકવવાનો આદેશ આપ્યા છતાં સરકાર દ્વારા અમલ ન થતા હિંમતનગર ખાતે હડતાલ કરવામાં આવી હતી.ગુજરાતમાં આંગણવાડી બહેનોનો વેતન મુદ્દો ફરી એકવાર ગરમાયો છે. લાંબા સમયથી બહેનો દ્વારા યોગ્ય વેતનની માંગ સાથે આંદોલન ચાલી રહ્યું છે. ગુજરાત હાઈકોર્ટે આદેશ આપ્યો હતો કે આંગણવાડી કાર્યકર્તાઓને રૂ. ૨૪,૮૦૦ અને હેલ્પર બહેનોને રૂ. ૨૦,૦૦૦ માસિક વેતન ચૂકવવામાં આવે. જોકે, બહેનોનો આક્ષેપ છે કે હાઈકોર્ટના આદેશ બાદ પણ રાજ્ય સરકાર દ્વારા તેનો અમલ કરવામાં આવ્યો નથી. આ ઉપરાંત એફઆરસી લાગુ કરવાની પ્રક્રિયા સામે પણ બહેનોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. બહેનોની માંગ છે કે હાઈકોર્ટના આદેશનો તાત્કાલિક અમલ કરવામાં આવે અને એફઆરસી રદ કરવામાં આવે. આંદોલનકારીઓ દ્વારા હાઈકોર્ટમાં અરજી પણ યુનિયન દ્વારા જ કરવામાં આવી હતી અને હવે સરકાર દ્વારા આદેશનું પાલન કરવામાં આવે. જોકે રાષ્ટ્રીય સ્તરે ૨૦૨૫થી શરૂ થયેલી હડતાલના સંદર્ભમાં પણ વિવિધ મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા છે, પરંતુ ગુજરાતમાં મુખ્ય મુદ્દો આંગણવાડી બહેનોનો જ છે. આજે હિંમતનગર ખાતે મોટી સંખ્યામાં આંગણવાડી બહેનો એકત્ર થઈ હડતાલ પર ઉતરી હતી. બસ સ્ટેન્ડથી રેલી સ્વરૂપે જિલ્લા કલેક્ટર કચેરી પોહચી હલાબોલ કરી હતી. અને પોતાની માંગણીઓ પુરી થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની ચીમકી ઉચ્ચારી હતી

## હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત લૉ કોલેજ, હિંમતનગરમાં Innovation Club, Sarathi-1 અંતર્ગત ૧૦ દિવસીય (૩૦ કલાક) યોજાયેલ વર્કેશોપ



હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત લૉ કોલેજ, હિંમતનગરમાં Innovation Club, Sarathi-1 અંતર્ગત ૧૦ દિવસીય (૩૦ કલાક) યોજાયેલ વર્કેશોપના પાંચમા દિવસે તા.13/02/2026 ના રોજ શેઠ એમ. એન.લૉ કોલેજ, પાટણ ના ઈનચાર્જ પ્રિન્સીપાલ ડૉ.કિન્નાબેન ચડોકીયા ધ્વારા વ્યાખ્યાન આપવામા આવેલ. આ પ્રસંગે કોલેજના ઈનચાર્જ પ્રિન્સીપાલ ડૉ. બિનલબેન પટેલ દ્વારા મહેમાનશ્રીનું શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમ નું સફળ સંચાલન ડૉ. વૈદેહી પંડ્યા દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમની આભાર વિધિ ડૉ. પારસબેન જોષી દ્વારા કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમ કોલેજના સ્ટાફ મિત્રો તથા વિદ્યાર્થીઓના સહકારથી સફળ થયેલ છે

## આઈ.ટી.આઈ પ્રાંતિજ ખાતે તા.૧૯ ફેબ્રુઆરીએ રોજગાર ભરતીમેળાનું આયોજન

રોજગાર અને તાલીમ વિભાગ, ગુજરાત સરકારના નિયંત્રણ હેઠળની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, પ્રાંતિજ ખાતે તા.૧૯/૦૨/૨૦૨૬ ના રોજ ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળામાં સ્ટર્લિંગ એબ્રેસિવ લિમિટેડ, ટેકવર્સ એન્જિનિયર પ્રાઈવેટ લિમિટેડ, ઓસ્ટ્રેલિયન પ્રીમિયમ સોલર અને એકસાઈડ એનર્જી સોલ્યુશન્સ લિમિટેડ જેવી સંસ્થાઓ ભાગ લઈ વિવિધ જગ્યા માટે ભરતી કરવાની છે. આ કંપનીઓ દ્વારા આઈ.ટી.આઈ. ફિટર, કોપા, ઈલેક્ટ્રિશિયન, વાયરમેન, વેલ્ડર તેમજ CNC ઓપરેટર જેવા વિવિધ ટ્રેડના ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.આ ભરતીમેળો આચાર્યશ્રીની કચેરી, સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, પ્રાંતિજ (મહાદેવ મંદિર પાસે, મોટી બોખ, જિ. સાબરકાંઠા) ખાતે સવારે ૧૦:૩૦ થી બપોરે ૨:૦૦ કલાક દરમિયાન યોજાશે. રોજગાર મેળવવા ઈચ્છુક તમામ લાયક ઉમેદવારોને આ તકનો લાભ લેવા અને નિયત સમયે હાજર રહેવા આચાર્યશ્રીની ઔદ્યોગિક તાલીમ સંસ્થા, પ્રાંતિજની અખબારી યાદીમાં જણાવેલ છે.

## તલોદના સીમલીયા ગામની મહિલાની 108 એમ્બ્યુલન્સમાં સફળ પ્રસુતિ: માતા-બાળકને નવજીવન મળ્યું

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના સીમલીયા ગામની એક સગર્ભા મહિલાને કટોકટીના સમયે 108 EMRI ગ્રીન હેલ્થ સર્વિસ દ્વારા સમયસર સારવાર અને એમ્બ્યુલન્સમાં જ સુરક્ષિત પ્રસુતિ કરાવી સરાહનીય કામગીરી કરવામાં આવી છે.તા. 11/02/2026ના રોજ વહેલી સવારે 2:05 કલાકે 108 ટીમને જાણ કરવામાં આવી હતી કે, પ્રાંતિજ CHC ખાતે દાખલ હીનાબેન દેવેન્દ્રસિંહ ચૌહાણને પ્રસુતિની અસહ્ય પીડા ઉપડી છે અને તેમને વધુ સારવાર માટે રિફર કરવાના છે. આ જાણ થતા જ 108 ની ટીમ તત્કાલ ઘટનાસ્થળે પહોંચી હતી.EMT અજય ચૌહાણ અને પાયલોટ જયદત્તસિંહ સિસોદિયા પેશન્ટને લઈને હિંમતનગર સિવિલ હોસ્પિટલ જવા રવાના થયા હતા. જોકે, રસ્તામાં મહિલાની તબિયત વધુ લથડતા અને પીડા વધતા, EMT અજય ચૌહાણે ERCP ડૉ. રીચીબેનના માર્ગદર્શન હેઠળ એમ્બ્યુલન્સમાં જ પ્રસુતિ કરાવવાનો નિર્ણય લીધો હતો. 108ની ટીમે કુશળતા પૂર્વક નૉર્મલ ડિલિવરી કરાવી બાળક અને માતાનો જીવ બચાવ્યો હતો.સફળ પ્રસુતિ બાદ માતા અને નવજાત શિશુને પ્રાથમિક સારવાર આપી હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે સુરક્ષિત ખસેડવામાં આવ્યા હતા. મુશ્કેલ સમયમાં દેવદૂત બનીને આવેલી 108ની ટીમનો હીનાબેન અને તેમના પરિવારજનોએ હૃદયપૂર્વક આભાર માન્યો હતો